એર એશિયા વિમાન દુર્ઘટના મામલે ૪૦ના મૃતદેહ મળ્યા

જાકાર્તા, તા.૩૦

રવિવારે વહેલી સવારે એર એશિયાનું **QZ8501** વિમાન ગુમ થયું હતું. સતત ત્રણ દિવસની શોધખોળના અંતે આજે જાવાના સમુદ્રમાંથી વિમાનના કાટમાળ સાથે ૪૦ મુસાફરોના મૃતદેહો પણ મળી આવ્યા છે. ઈન્ડોનેશિયા આર્મી અને એરફોર્સના જવાનોએ જાવાના દરિયામાં લાપતા એર એશિયા વિમાન **QZ8501** નો કાટમાળ મળ્યાનો દાવો કર્યો છે.

સઘન તપાસ દરમિયાન દરિયામાંથી ૪૦થી વધુ પ્રવાસીઓના મૃતદેહ મળી આવ્યા છે. આ સમાચાર આવતાની સાથે જ ઈન્ડોનેશિયા અને સિંગાપોરના એરપોર્ટ પર રાહ જોઈ રહેલા એર એશિયા પ્રવાસીઓના પરિવારજનોમાં શોક છવાઈ ગયો છે.

ઈન્ડોનેશિયા આર્મી ચીફે મૃતદેહો અને કાટમાળ મળ્યાની પુષ્ટિ કરી છે. તપાસ અધિકારીઓના મતે દરિયાના પાણીમાં તરી રહેલા ટુકડા વિમાનના ડોર અને અન્ય પાર્ટના હોઈ શકે છે.

એર એશિયા એરલાઈનની ઈન્ડોનેશિયા સિંગાપોર માટેની ફ્લાઈટ **QZ8501** ના લાપતા વિમાનને શોધી કાઢવાની કામગીરી આજે ત્રીજા દિવસમાં પ્રવેશી છે. તે માટે એશિયાભરના દેશો ઈન્ડોનેશિયાની મદદે આવ્યા છે.

૧૬૨ જણ સાથે ગુમ થઈ ગયેલું વિમાન ક્રેશ થઈ ગયું હશે અને ઈન્ડોનેશિયાના સમુદ્રમાં ક્યાંક ઊંડે પડયું હશે એવું ધારી લેવાયું છે અને તેને શોધવાનો વ્યાપ વધારવામાં આવ્યો છે. ઈન્ડોનેશિયાની સર્ચ અને રેસ્ક્યુ એજન્સીના વડા સોલીસ્યોએ કહ્યું કે સુમાત્રા અને બોર્ડનીઓ ટાપુઓ વચ્ચે વિમાનની શોધનો વ્યાપ વધારવામાં આવશે. ઈન્ડોનેશિયાના વાયુસેનાના એક અધિકારીએ મલબા વિશે જણાવ્યું છે કે જાવા સમુદ્રમાં ૧૦ મોટી ચીજ વસ્તુઓ તરતી દેખાઈ છે તે વસ્તુઓ સફેદ રંગની છે. તે હવાઈ જહાજના દરવાજાનો કાટમાળ છે. આ મલબો જયાં મળ્યો છે ત્યાં વિમાનનું છેલ્લું લોકેશન નોંધવામાં આવ્યું છે અને તે સમુદ્રમાં ક્યાંક ઉંડે જઈને પડયું હશે તેમ માનવામાં આવે છે.

ધોનીની ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ

મેલબોર્ન,તા ૩૦

એમએસ ધોનીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરીને કરોડો ક્રિકેટ ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા છે. ધોનીના આ નિર્ણયથી તમામને આઘાત લાગ્યો છે. ભારતના સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન પૈકીના એક તરીકે ધોનીની ગણતરી કરવામાં આવી રહી હતી. ટેસ્ટ રેંકીંગમાં ભારતને નંબર વન બનાવવામાં પણ તેની ભૂમિકા હતી. ધોનીએ તાત્કાલિક અમલ સાથે ટેસ્ટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે આનો મતલબ એ થયો કે તે સિડની ક્રિકેટ ટેસ્ટ મેચમાં રમશે નહીં. ધોની વન-ડે અને ટ્વેન્ટી ક્રિકેટ કેરીયરને લંબાવવાના હેતુસર ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. ધોની તમામ ફોર્મેટમાં ભારતનો સૌથી સફળ કેપ્ટન તરીકે રહ્યો છે. વિદેશી પ્રવાસમાં પણ તેનો દેખાવ જોરદાર રહ્યો છે. કેપ્ટન તરીકે ૬૦ ટેસ્ટ મેચમાં ૨૭માં ભારતને જીત અપાવી છે અને ૧૮માં ભારતની હાર થઈ છે. ૧૫ ટેસ્ટ મેચો ડ્રો થઈ છે. ધોનીએ અનિલ કુંબલેની ગેરહાજરીમાં એપ્રિલ ૨૦૦૮માં દક્ષિણ આફ્રિકા સામે કાનપુરમાં ભારતનું પ્રથમ વખત નેતૃત્વ કર્યું હતું. ત્યારબાદ ઘર આંગણે ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં કેપ્ટન તરીકે રહ્યો હતો. મોહાલીમાં કેપ્ટનશીપ કર્યાબાદ કુંબલે નિવૃત્ત થયા પછી તે ફુલટાઈમ કેપ્ટન બન્યો હતો. બેટ્સમેન તરીકે ધોનીએ ૩૮.૦૯ની સરેરાશ સાથે ૪૮૭૬ રન કર્યા હતા જેમાં તેની સરેરાશ

૩૮.૦૯ રનની રહી હતી.જેમાં છ સદી અને ૩૩ અડધી સદીનો સમાવેશ થાય છે. ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયા ઉપર રેકોર્ડ જીતમાં ધોનીની ૨૨૪ રનની ઈનિંગ્સ પણ હતી. ધોનીએ ટેસ્ટ ક્રિકેટમાં ૨૫૬ કેચ અને ૩૮ સ્ટમ્પિંગનો રેકોર્ડ પણ કર્યો છે. અંતિમ ટેસ્ટ મેચમાં ભારતને બચાવી લેવામાં પણ આજે ધોની જવાબદાર રહ્યો હતો. ધોનીએ મક્કમતાપૂર્વક બેટિંગમાં નિશ્ચિત દેખાઈ રહેલી હારને ટાળી દીધી હતી. આ ટેસ્ટ મેચની શરૂઆત પહેલાં જ ધોનીને લઈને ચર્ચા હતી. ધોનીને વનડે ક્રિકેટના ગ્રેટેસ્ટ ફિનિસર તરીકે પણ ગણવામાં આવે છે. શ્રીલંકા સામે બીજી ડિસેમ્બર ૨૦૦૫ના દિવસે રમીને પોતાની ટેસ્ટ કેરિયરની શરૂઆત કરી હતી. ધોનીની છેલ્લી ટેસ્ટ ઓસ્ટ્રેલિયા સામે મેલબોર્નમાં રહી છે. સક્રિય અને સફળ ખેલાડી તરીકે તે સાબિત થયો છે. કેપ્ટન તરીકે તેના રેકોર્ડને હંમેશા ધ્યાનમાં લેવામાં આવશે. ધોની અન્ય કેટલાક ક્ષેત્રોમાં પણ જોડાયેલો છે. ઈન્ડિયા સિમેન્ટ લિમિટેડના ઉપપ્રમુખ તરીકે પણ તે છે. એર ઈન્ડિયામાંથી રાજીનામું આપ્યા બાદ તે ઈન્ડિયા સિમેન્ટમાં ઉપપ્રમુખ બન્યો હતો. ધોની પોતાની કારકિર્દી દરમિયાન ઘણા એવોર્ડ જીતી ચુક્યો છે. રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડથી ૨૦૦૭માં તેને સન્માનિત કરાયો હતો. ૨૦૦૯માં ભારતના ચોથા સૌથી મોટા નાગરીક સન્માન પદ્મશ્રીથી તેનું સન્માન કરાયું હતું. ભારતીય સેનાએ તેને લેફ્ટી કર્નલ તરીકેનું પણ સન્માન આપ્યું હતું. આ સન્માન મેળવનાર તે કપિલ દેવ બાદ બીજો ક્રિકેટર બન્યો હતો. જુન ૨૦૧૪માં ધોની સૌથી વધુ કમાણી કરનાર એથલિટ્સ સાબિત થયો હતો અને તેની કમાણી ૩૦ મિલિયન ડોલરની આસપાસ આંકવામાં આવી હતી.

ભારત ફરી એકવાર હારથી સહેજમાં બચ્યું

ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટ મેચ અંતે ડ્રો થઈ

મેલબોર્ન, તા.૩૦

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટ મેચ આજે ડ્રોમાં પરિણમી હતી. આની સાથે જ ઓસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૨-૦થી જીતી લીધી હતી. આજે પણ ભારત ઉપર એકવખતે હારનું સંકટ હતું. પરંતુ વિરાટ કોહલી અને રહાણેએ બાજી સંભાળી લઈને ભારતને સતત ત્રીજી હારથી બચાવી લેવામાં મોટી ભૂમિકા ભજવી હતી. વિરાટ કોહલી ૫૪ અને રહાણે ૪૮ રન કરીને આઉટ થયા હતા. શિખર ધવન ફરીવાર ફ્લોપ રહ્યો હતો. જ્યારે મુરલી વિજય પણ ૧૧ રન કરી આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયાએ ૯ વિકેટે ૩૧૮ રન બનાવીને દાવ ડિકલેર કર્યો હતો. સોન માર્શ ૯૯ રને રનઆઉટ થયો હતો. જ્યારે ભારત

તરફથી યાદવ, સામી, ઈશાંત અને અશ્વિને બે-બે વિકેટ ઝડપી હતી. જીતવા માટેના ૩૮૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે અતિઝડપથી ત્રણ વિકેટ ગુમાવી હતી. ભારતે એકવખતે ૩ વિકેટ ૧૯ રનમાં જ ગુમાવી દીધી હતી અને ફરી ધબડકો થશે તેવી દહેશત હતી. ભારતે પમી વિકેટ પણ ૧૪૧ રને ગુમાવી હતી. પરંતુ કોહલી અને રહાણેએ વચગાળામાં બાજી સંભાળી હતી જેથી હાર ટળી ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી જોન્સન, હેરિસ અને હેઝલવુડે બે-બે વિકેટ ઝડપી હતી. આ મેચ ડ્રોમાં થતાં ઓસ્ટ્રેલિયાએ શ્રેણી ૨-૦થી જીતી છે. ચોથી અને અંતિમ ટેસ્ટ મેચ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર છઠ્ઠીથી રમાશે. જેમાં ભારત તરફથી કેપ્ટન તરીકેની ભૂમિકામાં વિરાટ કોહલી રહેશે. કારણકે નિયમિત કેપ્ટન ધોનીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. શરૂઆતની બન્ને ટેસ્ટ મેચમાં જીત મેળવીને ઓસ્ટ્રેલિયા ભારત પર ૨-૦ની લીડ ધરાવે છે. ઓસ્ટ્રેલિયાએ એડિલેડ ખાતે ભારત પર ૪૮ રને રોમાંચક જીત મેળવી લીધી હતી.જ્યારે બ્રિસ્બેનમાં રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત પર ચાર વિકેટે જીત મેળવીને શ્રેણીમાં ૨-૦ની મહત્વપૂર્ણ લીડ મેળવી લીધી હતી.બન્ને ટેસ્ટમાં હાર ખાધા બાદ ભારતીય ટીમ પર જીત મેળવવા માટે હવે ખુબ દબાણ હતું. સમગ્ર ટેસ્ટ શ્રેણી ખુબ રોમાંચક બની છે.

આસામમાં ચારની તીવ્રતાના ભૂકંપથી લોકોમાં ભારે ભય

ગુવાહાટી,તા. ૩૦

આસામના પાટનગર ગુવાહાટી અને આસપાસના અનેક શહેરોમાં ભૂંકપના આંચકાના કારણ લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. ભૂંકપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ચારથી વધારે હોવાનુ પણ જાણવા મળ્યું છે. ભૂંકપનો આંચકો આવ્યા બાદ લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી અને લોકો પોત પોતાના ઘરમાંથી બહાર દોડી ગયા હતા. આંચકો લોકોએ આઠથી ૧૦ સેકન્ડ સુધી અનુભવ કર્યો હતો. પ્રાપ્ત અહેવાલ મુજબ રાત્રે ૧૦-૫૭ વાગે આંચકો આવ્યો હતો. વહીવટીતંત્રે આંચકો આવ્યા બાદ આમાં કોઈ નુકસાન થયું છે કે કેમ તેની ખાતરી કરવા તપાસ હાથ ધરી હતી. કોઈ નુકસાન થયું નથી. જો કે લોકો સમગ્ર રાત્રી ગાળા દરમિયાન ભયમાં રહ્યા હતા. લોકો ઉંઘી શક્યા ન હતા. કેટલાક લોકો તો ખુલ્લામાં જ રહ્યા હતા. હાલના વર્ષોમાં ભારતમાં પણ કેટલાક રાજ્યોમાં વારંવાર આંચકા આવી ચુક્યા છે. ખાસ કરીને કાશ્મીર, આસામનો સમાવેશ થાય છે. હાલના આંચકાના સંબંધમાં સંબંધિત વિભાગ દ્વારા અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વિશ્વમાં ઈન્ડોનેશિયા, ચીન, ન્યુઝીલેન્ડ અને જાપાન સૌથી વધારે ભૂંકપ પ્રભાવિત વિસ્તારો પૈકી છે. અ દેશોમાં વારંવાર આંચકા આવે છે.

જમ્મુ કૉશ્મીર અને આસામમાં ભૂતકાળમાં પ્રચંડ આંચકા પણ આવી ચુક્યા છે. જેથી નાના આંચકા આવતાની સાથે જ લોકોમાં દહેશત ફેલાઈ જાય છે. ગઈકાલે આવેલા આંચકાના સંબંધમાં ભૂંકપ સાથે સંબંધિત વિભાગે વધારે કોઈ વાત કરી નથી.લોકોમાં ભારે ચર્ચા ફરી શરૂ થઈ ગઈ છે. જો કે જાનમાલનુ નુકસાન થયું નથી.

અમિત શાહને ક્લીનચીટ મળતાં કોંગી ભારે નારાજ

નવી દિલ્હી,તા. ૩૦

સોહરાબુદ્દીન શેખ બનાવટી એનકાઉન્ટર કેસમાં ભાજપ પ્રમુખ અમિત શાહને ખાસ સીબીઆઈ કોર્ટે જામીન આપી દેતા કોંગ્રેસમાં પણ નારાજગીનું મોજું ફરી વળ્યું છે. કોંગ્રેસે સીબીઆઈ કોર્ટના આ આદેશને ખૂબ જ ચિંતાજનક અને આશ્ચર્યજનક તરીકે ગણાવીને આની ઝાટકણી કાઢી છે. સીબીઆઈ સરકારના દબાણ હેઠળ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સીબીઆઈ સરકારના દબાણ હેઠળ સંપૂર્ણપણે બંધાયેલી રહી છે. પક્ષના પ્રવક્તા અજોય કુમારે કહ્યું હતું કે, અગાઉ જયુડીશીયલ આદેશમાં સાફ શબ્દોમાં જણાવાયું હતું કે અમિત શાહને ગુજરાતથી દૂર રાખવાની જરૂર છે. કારણકે, તેઓ તપાસ ઉપર પ્રભુત્વ મેળવી શકે છે. અમિત શાહ સંપૂર્ણપણે યુ-ટર્ન લઈ શકે છે.

આખરે આશ્ચર્યજનકરીતે જ કોર્ટે ચુકાદો આપ્યો છે. એક વખતે અમિત શાહને સળીયા પાછળ મુકવા સુધીના પુરાવા રજુ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અમિત શાહને ગુજરાતથી દૂર રાખવા માટે કોર્ટે કહ્યું હતું. હવે એકાએક એમ કહેવામાં આવે છે કે અમિત શાહ સામે કોઈ પુરાવા નથી. કોંગ્રેસના નેતાએ કહ્યુ હતું કે, આ મુદ્દે કોંગ્રેસ ઉપર જ આ પ્રહાર નથી. બલ્કે સીબીઆઈનો કઈ રીતે દુરુપયોગ થઈ રહ્યો છે તે બાબત પણ સાબિત કરે છે. સીબીઆઈએ એક વખતે યુપીએના શાસન દરમિયાન કહ્યું હતું કે, સીબીઆઈ પાંજરામાં રહેલા પોપટ સમાન છે. પરંતુ હવે સીબીઆઈના હાલત વધુ કફોડી છે. કોંગ્રેસ ઉપરાંત અન્ય રાજકીય પક્ષોએ પણ સીબીઆઈ કોર્ટના ચુકાદા અંગે આકરી પ્રતિક્રિયા આપી છે. આગામી દિવસોમાં આ મુદ્દે જોરદાર રાજકીય આક્ષેપબાજીનો દોર ચાલે તેવી શક્યતા છે.

ઓબામાની યાત્રા પહેલા સુરક્ષા પાસાઓ પર ચર્ચા

નવી દિલ્હી, તા. ૩૦

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે સુરક્ષા પરિસ્થિતિ અંગે વિસ્તૃત બેઠક કરી હતી. ઉચ્ચસ્તરીય બેઠકમાં અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની ભારત યાત્રાને લઈને સુરક્ષા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં બરાક ઓબામા મુખ્ય મહેમાન બનનાર છે. આ બેઠકમાં સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવલ, સેનાના વડા દલબીરસિંહ અને વિદેશ સચિવ સુજાતાસિંહ તેમજ ઈન્ટેલીજન્સ સંસ્થાઓના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઓબામાની ભારત યાત્રાને લઈ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. બેંગ્લોરમાં રવિવારે બ્લાસ્ટ થયા બાદ સુરક્ષા પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી.

નરેન્દ્ર મોદી-રેખા હોટેસ્ટ વેજીટેરીયન સેલિબ્રીટી રહ્યા

નવી દિલ્હી,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિતેલા વર્ષોની સદાબહાર અભિનેત્રી રેખા પીપલ્સ ફોર ઈથીકલ ટ્રિટમેન્ટ ઓફ એનિમલ્સ (પેટા) દ્વારા સૌથી હોટ વેજિટેરીયન સેલિબ્રીટી તરીકે જાહેર કરવામાં આવ્યા છે. અગાઉ કંગના રાણાવત, શાહીદ કપુર, અમિતાભ બચ્ચન, આર માધવન, જેકલીન ફર્નાન્ડીસ, હેમા માલિની પણ પેટા માટે સક્રિય રહ્યા છે. પેટાની મદદ કરવા માટે હજારો મત પડ્યા હતા. જેમાં વિજેતાની પસંદગી કરવામાં આવી હતી. મોદી અને રેખા ટોપ પર રહ્યા હતા. રેખાએ પ્રતિક્રિયા આપતા મોડેથી કહ્યું હતું કે, તેતેની લાઈફ દરમિયાન મોટાભાગે વેજિટેરીયન રહી છે. તે આ બાબતને માને છે કે જો તમામ નિયમોને પાળીને આગળ વધવામાં આવે તો ઘણા નીતિનિયમોને સફળરીતે અમલી કરી શકાય છે. નરેન્દ્ર મોદી ફીટ રહેવા માટે યોગા કરે છે. સાથે-સાથે વેજિટેરીયન વસ્તુઓમાં નક્કર વિશ્વાસ રાખે છે. આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓને મળે છે ત્યારે પણ તેઓ વેજિટેરીયન ચીજવસ્તુઓ જ માણે છે.

ભાજપમાં સામેલ થવા લોકો ખુબ ઉત્સુક બન્યા

મમતાને તેમના જ ગઢમાં હવે ભાજપ વતી પડકાર

કોલકત્તા,તા. ૩૦

પશ્ચિમ બંગાળમાં હવે ભાજપની લોકપ્રિયતા દિન પ્રતિદિન વધી રહી છે. જેના કારણે મુખ્યપ્રધાન મમતા બેનર્જીની ઉંઘ હરામ થઈ ગઈ છે. વર્ષ ૨૦૧૧માં મમતા બેનર્જીએ ડાબેરીઓને હાર આપીને પશ્ચિમ બંગાળની રાજનિતીમાં મોટા ફેરફાર કર્યા હતા. ડાબેરીઓ વર્ષ ૧૯૭૭ બાદ પ્રથમ વખત હારી ગયા હતા. ત્યારબાદ મમતા બેનર્જી સતત લોકપ્રિયતા મેળવી રહ્યા હતા. હવે સ્થિતી એ છે કે લોકસભાની ચૂંટણીમાં ભાજપને સફળતા મળ્યા બાદ મમતા હચમચી ઉઠ્યા છે. ભાજપની લોકપ્રિયતા બંગાળમાં પણ વધી છે. હવે બંગાળમાં ભાજપના સભ્ય બનવા માટે લોકોની લાઈન લાગેલી છે. રાજ્ય ભાજપના અદ્યક્ષ રાહુલ સિંહાએ કહ્યું છે કે દરરોજ સીપીઆઈ (એમ), કોંગ્રેસ અને તૃણમૂળ

કોંગ્રેસ જેવા રાજકીય પક્ષોના સરેરાશ ૭૫૦૦ સભ્યો ભાજપમાં સામેલ થઈ રહ્યા છે. સ્થિતી એવી છે કે અમે લાખો લોકોને મેમ્બરશીપના ફોર્મ આપી શકીએ નહી. કારણ કે હવે ફોર્મનો જથ્થો પણ ખતમ થઈ રહ્યો છે. અલબત્ત લોકસભાની ચૂંટણીમાં પંશ્ચિમ બંગાળમાં ભાજાપને માત્ર બે બેઠકો મળી હતી. તૃણમૂળ કોંગ્રેસના ખાતંમાં ૩૪ બેઠકો ગઈ હતી. કોંગ્રેસને ચાર અને સીપીઆઈએમને બે બેઠકો મળી હતી. પરંતુ સૌથી સારી બાબત એ છે કે આ અગાઉ ભાજપને પશ્ચિમ બંગાળમાં ક્યારેય કોઈ સીટ મળી ન હતી. જો કે નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા બાદ હવે સભ્યો મોટા પાયે પહોંચી રહ્યા છે. ભાજપમાં સામેલ થવા માટે સભ્યો ઉત્સુક છે. લાખો નવા ફોર્મના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે. મેમ્બરશીપ માટે ભાજપ દ્વારા ૧૦ રૂપિયા લેવામાં આવે છે. મેમ્બરશીપ છ લાખથી પણ વધુ પહોંચી ગઈ છે. તેમાં દરરોજ મોટી સંખ્યામાં લોકો ઉમેરાઈ રહ્યા છે.આ સંખ્યા નવી ઉંચાઈ સપાટીએ પહોંચે તેવી પ્રબળ શક્યતા છે.

બેંગલોરમાં વધુ બોંબ બ્લાસ્ટ કરવાની ધમકી મળી

બેંગલોર,તા. ૩૦

બેંગલોરના ચર્ચ સ્ટ્રીટમાં રવિવારના દિવસ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ હવે વધુ બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી છે. એટ ધ રેટ લેટેસ્ટ અબ્દુલ નામના ટ્વીટર હેન્ડલ પરથી વધુ બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી છે. ટ્વીટમાં ધમકી આપવામાં આવી છે કે જો મહદી વિશ્વાસને છોડવામાં નહી આવે તો આગામી બે દિવસમાં બીજા બ્લાસ્ટ કરવામાં આવશે. મહેદી વિશ્વાસ ત્રાસવાદી સંગઠન આઈએસ માટે ટ્વીટ કરવાના આરોપમાં ઝડપાયો છે. પોતાને અબ્દુલ તરીકે ગણાવનાર શખ્સે દાવો કર્યો છે કે તે જ બેંગલોરમાં બ્લાસ્ટ કરી ચુક્યો છે અને કોઈમાં હિમ્મત છે તો તેને પકડીને બતાવે. આ ટ્વીટ બાદ જવાબમાં બેંગલોર પોલીસ તરત જ પોતાની પ્રતિક્રિયા આપી છે અને કહ્યું છે કે આ ટ્વીટર હેન્ડલથી કરવામાં આવેલા તમામ ટ્વીટ પોલીસની નજર હેઠળ છે. તેમની ચકાસણી કરવામાં આવી રહી છે. આ ટ્વીટના આધારે અલાર્મની કોઈ જરૂર નથી. અફવા પર ધ્યાન આપવાની કોઈ જરૂર નથી. પોતાની પ્રતિક્રિયામાં ચાર કલાક બાદ જ બેંગલોર પોલીસે આ ટ્વીટ કરનાર શખ્સની ઓળખ કરી લેવામાં આવી હોવાનો દાવો કર્યો છે. બેંગલોર કાઈમ બ્રાન્ચના ડીસીપી અભિષેક ગોયલે કહ્યું છે કે તે ૧૭ વર્ષનો એક યુવાન છે. જે માનસિકરીતે પરેશાન છે. તેના માતાપિતા સાથે વાતચીત કરવામાં આવી રહી છે. જો કે આ હેન્ડલથી સતત એક પછી એક ટ્વીટ કરવામાં આવ્યા હતા. જેમાં પોલીસને ગાળો પણ આપવામાં આવી છે. ટ્વીટરે આ મામલે તરત કાર્યવાહી કરીને લેટેસ્ટ અબ્દુલ નામના હેન્ડલન સાઈટથી દુર કરી દેતા વિવાદનો અંત આવ્યો છે. સોશિયલ સાઈટ પર ફેલાયેલી અફવાને ધ્યાનમાં લઈને બેંગલોરના એસપી આલોક કુમારે ટ્વીટ કરીને કહ્યું છે કે બેંગલોર શહેરમાં શાંતિપૂર્ણ સ્થિતી છે. કેટલાક અસામાજિક તત્વો અફવા ફેલાવી રહ્યા છે. કોઈ શંકાસ્પદ દેખાય તો પોલીસને ૧૦૦ નંબર પર ફોન કરવા કહેવામાં આવ્યું છે. બેંગલોરમાં રવિવારે ચર્ચ સ્ટ્રીટમાં રેસ્ટોરન્ટની સામે બ્લાસ્ટ થયો હતો. જેમાં એકનુ મોત થયું હતુ અને ૩ ઘાયલ થયા હતા.

સમાચાર ઝલક

- **ગુજરાતમાં નવા વર્ષમાં હુન્ડાઈકારની એન્ટ્રી થવાની તૈયારી.**
- **ફિલ્મી અભિનેત્રી પૂર્ણિમા સિંગના રિમાન્ડ મંજુર, અમદાવાદના શ્રોફ સાથે આઠ કરોડની ઠગાઈ કરી.**
- **પુરો પગાર લેતા શિક્ષકો ભણાવવા જતા નથી- શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા વ્યથિત.**
- **તા.૧૧મી જાન્યુઆરીએ ખેડૂતોની સૌરાષ્ટ્રથી ગાંધીનગરની કુચનું એલાન.**
- **પુર્વ વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈનું મ્યુઝિયમ વલસાડમાં ચાર કરોડના ખર્ચે મહાનગરપાલિકા બનાવશે.**
- **મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાં ૭૨ કલાકમાં ૧૨ ખેડૂતોની આત્મહત્યા.**
- **ઉદયપુરમાં ક્રિકેટરશ્રી રણજીત સુથારને માથામાં દડો વાગતાં મૃત્યુ.**
- **હવે એ.ટી.એમ.માંથી કાર્ડ વગર નાણાં મળશે પરંતુ જરુરી રકમ કપાશે.**
- **મોટા શહેરોમાં ભીડભાડવાળી જગ્યાએ સી.સી. ટીવી કેમેરા મુકાશે. ગૃહમંત્રી રાજનાથસિંહજી.**
- **જાણીતી ફિલ્મ અભિનેત્રી કરીના કપુર આઈટમ સોંગમાં દેખાશે.**
- **ફિલિપાઈન્સમાં બેવડી આફત, વાવાઝોડા અને પુર પછી ભુકંપના આંચકા.**
- **અમેરિકન પ્રમુખશ્રી બારાક ઓબામાની વારાણસીના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત યોજાશે.**
- **વિશ્વની સૌથી ઠંડી જગ્યા છે રૂસનું આઈમાકોન ગામ તાપમાન માઈનસ ૫૦ ડીગ્રી રહે છે.**